**સંઘ પ્રદેશ દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવ,**
**સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,**
**દીવ**

---

સં. એએસએ ફડી/24/મત્સ્ય-/2024-25/૧૪ તારીખ :-18/06/2024

## સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના દરેક બોટ માલિકો તેમજ વિવિધ ફિશરમેન અસોશિએશન ને જણાવવામાં આવે છે કે હાલમાં પાવટી જેટી ઉપર બે ફિશિંગ બોટમાં લાગેલ આગ ની દુર્ઘટના ને ધ્યાનમાં લેતા તારીખ 17/06/2024 ના માનનીય કલેકટર સાહેબા ની અધ્યક્ષતામાં આયોજીત મીટીંગ દરમ્યાન જરૂરી નિર્દેશાનુસાર તેમજ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, સમાહર્તાલય, દીવ ના તારીખ 18/06/2024 ના મીટીંગ ના કાર્યનોંધ સં. COL/DIU/Dis,Fire Incident/2024-25/186 ના સંદર્ભમાં દરેક બોટ માલિકોને નિમ્નલિખિત સૂચનો કરવામાં આવે છે :-

1. ફિશિંગ પ્રતિબંધ (Fishing Ban) દરમ્યાન જે ફિશિંગ બોટ જેટી/સૂકા ઉપર ચડાવેલ છે તે બોટ ની ડિઝલ ટાંકીમાં રહેલ ડિઝલ ને ખાલી કરવામાં આવે તેમજ બોટ માલિક પાસે રહેલ બેલેન્સ ડિઝલ ના બેરલો/કેનો જે રહેણાંક વિસ્તાર, ડંગા, સ્ટોરરૂમ, વગેરે જગ્યા પર રાખવામાં આવેલ હોય તેને વહેલી તકે શ્રી મહા સાગર ફીશરીઝ કો.ઓ. સોસાયટી, અને શ્રી મહાકાલેશ્વર ફીશરીઝ કો.ઓ. સોસાયટી ના ડિઝલ પંપમાં ડિઝલ ના બેરલો/કેનો ને સુરક્ષિત રાખવાની વ્યવસ્થા કરવી. ફિશિંગ સિઝન ચાલુ થવા સમયે સોસાયટીમાં રાખવામાં આવેલ બેરલો ફરીથી પરત લઇ જવાના રહેશે. જે બોટ માલિક ઉપરોક્ત સૂચના નું ઉલ્લંઘન કરતાં જણાશે તેમના ઉપર આવશ્યક કાર્યવાહી કરવામાં આવશે.

2. ફિશિંગ બોટ તેમજ ટંડેલ/ખલાસીઓ ની સુરક્ષા માટે દરેક બોટ માલિકે ફિશિંગ દરમ્યાન તેમજ ફિશિંગ પ્રતિબંધ (Fishing Ban) દરમ્યાન પોતાની બોટમાં 1 થી 2 નંગ અગ્નિશામક (ફોમ પ્રકાર) ઉપકરણોની (Fire Extinguisher-foam type) સ્વખર્ચે ફીટ કરવું અનિવાર્ય છે.

3. દરેક બોટ માલિકે પોતાની ફિશિંગ બોટનો વીમો (Insurance) કરાવવા માટે જાણ કરવામાં આવે છે.

ઉપરોક્ત સૂચનાનું દરેક બોટ માલિકોએ પાલન કરવાનુ રહેશે તેમજ દરેક બોટ એસોશિએશનોએ બોટ માલિકોને જરૂરી જાણકારી આપી તેને સૂચના નો અમલ કરવા જાણ કરવી.

(સુકર આંજણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ

સેવામાં,
1. પ્રશાસક, શ્રી મહાસાગર/મહાકાલેશ્વર મત્સ્ય કો.ઓ.સોસાયટી, વણાકબારા/સાઉદવાડી}જરૂરી વ્યવસ્થા કરવા માટે
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા } જાણકારી તથા વધુમાં વધુ
3. પ્રમુખશ્રી, બોટ/માછીમાર એસોશિયેસન, વણાકબારા/ સાઉદવાડી/ઘોઘલા/દીવ} પ્રચાર- પ્રસાર માટે

<u>પ્રતિલિપિ પ્રેષિત:-</u>
1. માનનીય કલેકટર સાહેબા, કલેકટર કચેરી, દીવ } ............ જાણકારી માટે
2. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા/મહારાણી લક્ષ્મીબાઇ/મહારાણા પ્રતાપ/ સાઉદવાડી/વલ્લભભાઇ પટેલ/ભગતસિંહ/બુચરવાડા/જોલાવાડી }...જાણકારી અને જરૂરી }... કાર્યવાહી માટે